# ઉદ્યોગોની સફળતા માટે કર્મચારી સંચાલનની આવશ્યકતા

**પ્રો. ચેતના દરજી**
સી.યુ.શાહ કોમર્સ કૉલેજ, અમદાવાદ

**૧. પ્રસ્તાવના**

કોઈપણ ઉદ્યોગો ચલાવવા માટે નાણાં, યંત્રો, સાધનો, પદ્ધતિઓ, જેટલા પ્રમાણમાં જરૂરીછે. તેના કરતા પણ વિશેષ 'માનવ' અગ્રસ્થાન ધરાવે છે, કોઈપણ કાર્ય પ્રવૃતિના કેન્દ્ર સ્થાનમાં કર્મચારી અગ્રેસર રહેવા પામે છે. કેવળમાત્ર નાણાં પ્રાપ્ત કરી લેવા સાધનો વસાવી લેવા, પદ્ધતિઓ વિકસાવી તેટલા માત્રથી સંચાલનનું કાર્ય પૂરું થતું નથી. સંચાલકો નાણાથી દરેક વસ્તુ ખરીદી શકે છે. પરંતુ જીવંત વ્યક્તિની શારીરિક હાજરી અને નિષ્ઠાને ખરીદી શકાતી નથી. તે માટે કર્મચારીની ઉપસ્થિતિ સાથે કર્મચારીનું સુવિચારુ આયોજન કરી તેને કેળવવા માટે સંચાલકોએ સંનિષ્ઠ પ્રયાસ પડે તો જ મુખ્ય પ્રેરકબળ માનવીને ઉત્પાદનના ક્ષેત્રમાં જોતરી શકાય કે જ્યારે માનવીએ એક જીવંત વ્યક્તિ છે. જેને લાગણી-માંગણી, માન-સન્માન, અપમાન છે. ઉપરોક્ત માનવીય લક્ષણો ધરાવતી વ્યક્તિ સાથે કામ લેવું તે સંચાલન માટેની એક કસોટી છે. તુંડે-તુંડે મતિ ભિન્ન જેવી પરિસ્થિતિમાં પ્રત્યેક વ્યક્તિના આચાર-વિચાર-ઉચ્ચારમાં સામ્યતાના અભાવમાં સંચાલકોએ પોતાનો ભાવ પ્રગટ કરવો એ એક કૌશલ્ય છે. આવા કૌશલ્ય ધરાવતા સંચાલકોની દૃષ્ટિ જ્યારે માનવીય બની રહેશે ત્યારે ઉત્પાદનનું આ ચાલક બળ કાર્યરત બની ઓછામાં ઓછા ખર્ચે કરકસરભર્યું ઉત્પાદન કરી ઉત્પાદકતાની વૃદ્ધિ થતાં તેના મીઠા ફળોના આસ્વાદ માણીને તેનો આસ્વાદ કર્મચારીને આર્થિક પ્રોત્સાહનના સ્વરૂપે પૂરો પાડવામાં આવે તો કર્મચારીના કાર્ય જુસ્સામાં વધારો થતા કાર્યપ્રત્યોનો થાક કંટાળો અને કામગીરી પ્રત્યેનો ગુસ્સો ઘટે છે અને એકમના સંચાલકો પ્રત્યે આદરભાવ વધે છે. વફાદારી પ્રગટ તાય છે અને તેનો લાભ સમગ્ર એકમના ઉદ્યોગને ઉત્પાદન ક્ષેત્રે નવી વિકાસની ક્ષિતિજો ખોલવામાં સહાયભૂત થાય છે. માટે કહેવામાં આવ્યું છે કે કર્મચારી સંચાલન એ ઉદ્યોગોની કરોડરજ્જુ સમાન છે. તેની મજબૂતી માટે કર્મચારીના કામની અદર અને આદર કરી તેનામાં વિશ્વાસનું વાતાવરણ ઊભુ કરવું જોઈએ. જેથી કર્મચારી પોતાની ફરજ પ્રત્યે જાગૃત બને છે. ફેયોલ નામના સંચાલન વિચારકે તો ત્યાં સુધી કહ્યું છે કે, "MIND YOUR MEN, MEN WILL MIND ALL OTHER THINGS." જો તમે તમારા કર્મચારીનું ધ્યાન રાખશો તો તે કર્મચારી સમગ્ર કર્મચારી આપોઆપ સંભાળી લેશે. જેનું રુષ્ટાંત જોઈને અન્ય ઉદ્યોગો પ્રેરવાને પ્રોત્સાહન પ્રાપ્ત થશે. સફળ સંચાલક એ છે કે જે માત્ર નફાકારક દૃષ્ટિ રાખવાને બદલે કર્મચારીના વિકાસ માટેની ઉત્કર્ષ દૃષ્ટિ રાખીને તેને મદદરૂપ થવાનો અભિગમ ઉદ્યોગોને સફળતાના પંથ લઈ જવાનો રામબાણ ઈલાજ છે.

કર્મચારી સંચાલનમાં લાગણીનું સ્થાન પ્રથમ કક્ષાનું છે. તેને સમજવામાં જે સંચાલકોએ પોતાની કુનેહો અને કુશાગ્ર બુદ્ધિનો વિવેકશક્તિનો જેટલો સારા પ્રમાણનાં સમજદારીથી, ઈમાનદારીથી ઉપયોગ કરેલો છે - તેવા ઉદ્યોગોના સંચાલકો હંમેશા પોતાના ઉદ્યોગોને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાના ફલક ઉપર મૂકવામાં સફળ રહ્યા છે. તાતા-બિરલા-રિલાયન્સ-એસ્સાર જેવા સંચાલનકર્તા સંચાલકો સફળ ઉદ્યોગપતિ તરીકે પોતાની પ્રતિભા ઉપસાવી શક્યા છે. નાણુ કેવળ માત્ર ઉદ્યોગોને ચલાવવા માટેના સાધનો પૂરા પાડી શકે છે. પરંતુ માનવીની નિષ્ઠા નહિ તે માટે સંચાલકોએ પ્રયત્નો કરી કર્મચારીને તેના કાર્યની પ્રશંસા કરવી, જાહેરમાં સન્માન કરવું, વર્તમાનપત્રમાં તેના ફોટા સહિતની પ્રસિદ્ધિ કરવી, જેવા બિનનાણાકીય પ્રોત્સાહનો પૂરા પાડી

તેનામાં રહેલી આંતર-સૂઝનો ઉપયોગ ઉત્પાદકતામાં વધારો કરી સંચાલકોએ ઘડેલી નીતિ રીતિઓમાં સહભાગી બની અપેક્ષિત પરિણામોને હાંસલ કરવામાં મદદરૂપ થાય છે.

જાપાનના ઉદ્યોગોની સફળતા માટે ત્યાંના ઉદ્યોગના સંચાલકોએ વિચારસરણી ધરાવે છે કે પોતાને જે સુવિધા મળે છે તેના કરતા ઉદ્યોગમાં કામ કરતા કર્મચારીને વિશેષ સુવિધાનો લાભ મળવો જોઈએ. સંચાલકોની આવી શુભ અને શુદ્ધ ભાવના કર્મચારીની કાર્યનિષ્ઠાનું શુભ પ્રતિક બની રહેતા એકમની પ્રતિષ્ઠામાં વૃદ્ધિ કરાવી આપે છે. જે કર્મચારીમાં સહકાર, સંપ સેવા, સહાનુભૂતિ, સમર્પણ, સહનશીલતા જેવા ગુણો દ્વારા વિકાસના દ્વાર ખોલી શકેછે. તેથી જ કહેવામાં આવ્યું છે કે ‘‘સંતુષ્ટ કર્મચારી કોઈપણ સાહસની અમૂલ્ય અસ્કયામત છે. માટેજ ‘‘સંચાલન એટલે કર્મચારી સંચાલન.’’

## સંદર્ભસૂચિ

૧ http://www.businessdictionary.com/definition/personnel-management.html
૨ http://www.businessdictionary.com/definition/personnel-management.html
૩ http://www.ask.com/question/what-is-e-personnel-management